# વડોદરા મેરેથોનમાં 30 હજારથી વધુ સ્પર્ધકોએ રજીસ્ટ્રેશન કરાવ્યાં

## વડોદરાની આંતરરાષ્ટ્રીય મેરેથોન રાઈઝીંગ સ્ટાર તરીકે ઓળખાઈ છે

વડોદરા,તા.૧૬







શહેરમાં આગામી ૫ ફેબ્રુઆરીના રોજ યોજાનાર ઓપાલ વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનમાં ભાગ લેવા માટે અત્યાર સુધીમાં મોટી સંખ્યામાં સ્પર્ધકોએ વિવિધ કેટેગરીના દોડ માટે રજીસ્ટ્રેશન કરાવેલ છે.આ અંગે જાણકારી આપવા માટે ખાનગી હોટેલમાં એક પત્રકાર પરિષદનું આયોજન ટીમ મેરેથોન દ્વારા કરવામાં આવ્યું હતું. દેશની જાણીતી મેરેથોન રનમાં હવે વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનની ગણના કરવામાં આવી રહી છે. વિશ્વના પ્રોકેમ નામની સંસ્થા ભારતમાં થતી મેરેથોન પૈકીની વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોન રાઇઝીંગ સ્ટાર તરીકે ઓળખાવી ચુકી છે.પત્રકાર પરિષદમાં મેરેથોનના ચેર પર્સન તેજલ અમીને વાત કરતાં જણાવ્યું હતું કે તાજેતરમાં મુંબઇ ખાતે કેન્દ્ર સરકારના રમત ગમત મંત્રીએ એક મુલાકાતમાં વડોદરા મેરેથોનની પ્રશંસા કરી હતી અને જરૂરી તમામ મદદ કરવાની ખાત્રી આપી હતી.તેઓએ વધુમાં જણાવ્યું હતું કે પ્રતિ વર્ષ વિવિધ થીમ સાથે મેરેથોનનું આયોજન કરવામાં આવે છે.આ વર્ષે યોજાનાર મેરેથોનની થીમ કેશલેસ હોકે ડિજીટલ ઇન્ડિયા કદમ કદમ પર કેશલેસ ઇન્ડિયા અંતર્ગત યોજાશે.આ ઉપરાંત દેશમાં યોજાયેલ અન્ય મેરેથોનનાં ફુલ મેરેથોન કેટેગરીના વિજેતા પુરૂષનો વ્યક્તિગત રેકોર્ડ તોડનાર સ્પર્ધકને એક લાખ રૂપિયાનું રોકડ ઇનામ આપવામાં આવશે. હાફ મેરેથોનમાં રેકોર્ડ તોડનાર મહિલા સ્પર્ધકને પણ એક લાખનું રોકડ ઇનામ આપવામાં આવશે.આ વખતે ફુલ મેરેથોન કેટેગરી,હાફ મેરેથોન કેટેગરી,10 કિમી રન, 05 કિમી રન, દિવ્યાંગ રન,આર.આર.કાબેલ જવાન રન અને રિલે રનનું આયોજન કરવામાં આવેલ છે. મેરેથોન સ્પર્ધામાં આ વખતે 32 હજારથી વધુ સ્પર્ધકોએ રજીસ્ટ્રેશન કરાવ્યાં છે,જ્યારે આ મેરેથોનમાં એન.જી.ઓ,સામાજીક સંસ્થાઓ,શાળા-કોલેજો,ધાર્મીક સંગઠનો,સુરક્ષા દળના સ્પર્ધકો ભાગ લેવા મોટી સંખ્યામાં આવી રહ્યા છે.સાથમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધકોમાં કેનેડા,યુ.કે તથા આફ્રીકાના દેશોમાંથી મોટી સંખ્યામાં મેરેથોનમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવી રહ્યાં છે.નવલખી મેદાનથી શરૂ થનાર આ મેરેથોન 42.19 કિ.મી.ની ફુલ મેરેથોન તથા 21.1 કિ.મી.ની હાફ મેરેથોનનો કટઓફ સમય ચાર કલાક અને ત્રણ કલાકનો રહેશે. રાજ્યના રમતગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યું હતું કે સ્વસ્થ રહેવા માટે દોડવું ખુબ જરૂરી છે.શહેરમાં યોજાનારી મેરેથોનમાં મોટી સંખ્યામાં શહેરીજનોને ભાગ લેવાની અપીલ સાથે તેઓએ જણાવ્યું હતું કે શહેર એ રમતવીરોની નગરી છે.માણસ જન્મે ત્યારથી દોડવાનું શરૂ કરે છે.તેઓએ મેન્ટલી ચેલેન્જ વાળા બાળકોની વાત કરતાં જણાવ્યું હતું કે મોટેરા ખાતે યોજાનારા શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં શહેરની સ્પંદન શાળાના બાળકો ગણપતિ વંદના કરવાના છે.